# પેથાપુરમાં પરેશ રાવલના કોંગ્રેસ પર આકરા પ્રહારો

## કોંગ્રેસના નેતૃત્વની દરિદ્રતા છે કે તેઓ ગુજરાતમાં નેતા પણ પસંદ નથી કરતા



ગાંધીનગર, તા. ૧૩

વિધાનસભાની ચૂંટણી એ યુદ્ધ છે અને આ યુદ્ધમાં વામણી કોંગ્રેસ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સામે જે કાદવ ઉછાળી રહી છે તેનાથી ગુજરાતમાં ભાજપનું કમળ વધુ મજબુતાઈથી ખીલશે તેવો દાવો ફિલ્મ અભિનેતા શ્રી પરેશ રાવલે પેથાપુર ખાતે જાહેરસભાને સંબોધતાં કર્યો હતો.

શ્રી પરેશ રાવલે જણાવ્યુ કે મોદી સામે પાયાવિહીન આક્ષેપો કરી કોંગ્રેસ જુઠ્ઠાણા ફેલાવી રહી છે. તેમણે કોંગ્રેસના નેતૃત્વ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ગુજરાતનો નેતા પણ તે નક્કી કરી શકતા નથી. કોંગ્રેસના શાસનમાં ભ્રષ્ટાચાર ફાલ્યો છે.

શ્રી રાવલે જણાવ્યું હતું કે અમે તો ફિલ્મોમાં રૂપિયાની હેરાફેરી કરીએ છીએ કોંગ્રેસના શાસનમાં તો રોજેરોજ કરોડોની હેરાફેરી નેતાઓ કરી ઘરભેગા રૂ. કરે છે. વિદેશી બેંકોમાં જે નાણા પડ્યા છે તે ભારત લાવવામાં કોંગ્રેસ અચકાય છે.

શ્રી રાવલે જણાવ્યું હતું કે લઘુમતિ સલામત નથી એવુ નિવેદન વડાપ્રધાને કર્યુ ત્યારે મારે કહેવુ જોઈએ કે મુંબઈની લઘુમતિ કોમની બે મહિલાઓએ ગુજરાતમાં રહેવાનું પસંદ કર્યુ એ બતાવે છે કે સલામતિ ક્યાં છે. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતને પોતાનો પરિવાર મોદી ગણે છે અને એટલે જ મોદીની તાકાતમાં વધારો થયો છે. તેઓ દેશના ભાવિ પ્રધાનમંત્રી છે તેમાં કોઈ બેમત નથી.

શ્રી રાવલે નર્મદા યોજનામાં કેન્દ્ર સરકાર જ રોડા નાખી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતે જે વિકાસ સાધ્યો છે તે સૌને દેખાય છે પણ ગાંધારીની જેમ આંખે પાટા બાંધી ફરતી કોંગ્રેસની નેતાગીરીને દેખાતો નથી એ દુઃખદ છે.

ઈરફાન પઠાણની હાજરીને લઈ થયેલા વિવાદનો ઉલ્લેખ કરી તેમણે કોંગ્રેસ જ્ઞાતિવાદના આધારે વોટબેંક ઉભી કરવાનો પ્રયાસ કરી રહી હોવાનો આક્ષેપ કરતાં કહ્યું હતું કે મોદી જ્ઞાતિવાદ કે વોટબેંકની રાજનીતિમાં નથી માનતા. ફિલ્મી જગતના સિતારાઓ પણ આજે મોદી સાથે છે. તે માત્ર ને માત્ર તેમની ફકીરી જોઈને છે.

# જિલ્લાના ૫૬ કર્મચારીઓ ચૂંટણી ફરજ પર હાજર ન રહેતાં નોટિસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૫૬ જેટલા ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ તેમની ફરજ પર તાલિમ માટે હાજર ન થતાં તંત્રએ આ કર્મચારીઓને નોટીસ ફટકારી છે અને તેમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ૨૪ કલાકમાં જો ફરજ પર હાજર નહિ થાવ તો આગળના કાનૂની પગલાં લેવામાં આવશે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પર સાત હજાર જેટલા કર્મચારીઓને ચૂંટણીની જુદી જુદી ફરજો સોંપવામાં આવી છે. જે ૫૬ કર્મચારીઓ હાજર થયા નથી તેમાં પ્રિસાઈડીંગ ઓફિસર અને પોલીંગ ઓફિસરોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર ઉત્તર બેઠક માટે ૩૨ જેટલા આવા કર્મચારીઓ છે જ્યારે ગાંધીનગર દક્ષિણની બેઠક પર આવા ૨૪ કર્મચારીઓ જણાયા છે. પ્રિસાઈડીંગ ઓફિસર અને પોલિંગ ઓફિસરોની બે તબક્કાની તાલિમ પૂર્ણ થઈ ગઈ છે અને હવે અંતિમ તબક્કામાં તાલિમ ૧૪ અને ૧૫ દરમ્યાન યોજવામાં આવી છે.

જિલ્લામાં મતદાન માટેની તૈયારીઓ તંત્ર દ્વારા હાલ પુરજોશમાં ચાલી રહી છે તે દરમ્યાન આ હકીકતો બહાર આવતાં તંત્રએ લાલ આંખ કરી આ પ્રકારની બેદરકારી માટે કર્મચારીઓને નોટીસ ફટકારી ૨૪ કલાકમાં હાજર થવા માટે ફરમાવ્યું છે. માણસા, દહેગામ અને કલોલમાં લગભગ તમામ કર્મચારીઓ તેમની ફરજ પર હાજર થઈ ગયા છે અને તાલિમના બે તબક્કા પૂર્ણ થઈ ગયા છે. જિલ્લામાં ૧૧૫૦ મતદાન મથકો છે આ માટે પ્રિસાઈડીંગ ઓફિસર તેમજ પોલીંગ ઓફિસરોની નિમણુંક કરી દેવાયા બાદ તેમને તાલિમ પણ આપવામાં આવી રહી છે.

# થ્રી-ડીના અંતિમ ચરણમાં મોદીની ૫૩ જાહેરસભા

અમદાવાદ, તા. ૧૩

ગુજરાતમાં ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના પ્રચારાર્થે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી થ્રી-ડીના આધુનિક માધ્યમ દ્વારા ૧૪ ડિસેમ્બરના રોજ સાંજે ૬.૦૦ કલાકે ૫૩ જાહેરસભાઓને સંબોધન કરશે. ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે ૧૪ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ જીલ્લા અને કર્ણાવતી મહાનગરમાં થઈ ૫૩ જેટલા સ્થાનો પર થ્રી-ડીના આધુનિક માધ્યમ દ્વારા જનતા જનાર્દનને સંબોધશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ અગાઉ લાભપાંચમના દિવસે ચાર મહાનગરોને, ૨૯ નવેમ્બરના રોજ ૨૬ સ્થાનો પર, ૪ ડિસેમ્બરના રોજ ૫૨ સ્થાનો પર અને ૧૦ ડિસેમ્બરના રોજ ૫૩ સ્થાનો પર મળીને ૧૩૫ સ્થાનો પર થ્રી-ડીના માધ્યમ દ્વારા સંબોધન કર્યું છે. આ ઉપરાંત થ્રી-ડી વિકાસ રથના માધ્યમથી અસંખ્ય સ્થાનો પર જાહેરસભા સંબોધી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૪ ડિસેમ્બરે ગુજરાતના જુદા જુદા સ્થનો પર ૭ જાહેરસભાઓને સંબોધશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની બીજા તબક્કાની ચૂંટણીના પડઘમ શાંત થવાના અગાઉના દિવસે ૬૦ જેટલી સભાઓ યોજાશે.

## જોરદાર ઠંડા પવનના કારણે તાપમાનમાં ફરી વાર ઘટાડો

અમદાવાદ, તા. ૧૩

રાજ્યમાં ફરી એકવાર ઠંડા પવન ફૂંકાવાના કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. આવતીકાલે અમદાવાદમાં લઘુતમ તાપમાન વધુ ઘટીને ૧૧ ડિગ્રીની આસપાસ પહોંચે તેવી શક્યતા છે. આજે રાજ્યોમાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન ગાંધીનગરમાં ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. જ્યારે અમદાવાદમાં પણ તાપમાન ગઈકાલની સરખામણીમાં વધારે બદલાયુ ન હતુ. હવામાન ખાતાએ વિગત આપતા કહ્યુ છે કે અમદાવાદમાં આજે લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયુ હતુ. ડિસામાં પણ ૧૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

# ગાંધીનર (ઉત્તર) બેઠકના ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર અત્યંત તેજ બનાવ્યો

## સુરેશભાઈ પટેલે શહેરનો બીજો રાઉન્ડ લગાવ્યો તો અશોકભાઈ પટેલે જૂના સેક્ટર્સમાં પ્રચાર તેજ બનાવ્યો





ગાંધીનગર, તા. ૧૩

વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગરના ઉત્તર બેઠકના ઉમેદવારોએ પોતાનો ચૂંટણી પ્રચાર રોકેટની ગતિએ તેજ કર્યો છે. અને લોકોના દિલ જીતવા માટે ભારે દોડધામ કરી રહ્યા છે.

ગુરુવારે ગાંધીનગર શહેરમાં વિવિધ ઉમેદવારોની આ દોડધામ જોવા મળી હતી.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પૈકી ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સુરેશ પટેલે ગાંધીનગર વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ તમામ ગામો અને શહેરી વિસ્તારમાં આવેલ સેક્ટરોની મુલાકાત લઈ અગાઉ પ્રચાર કર્યો હતો. જ્યારે હવે ગણતરીના દિવસો પ્રચાર અને મતદાન માટે બાકી રહ્યા છે ત્યારે સુરેશભાઈ પટેલે પોતાના સમર્થકો સાથે બધા જ ગામડાઓ અને શહેરી વિસ્તારનો બીજો રાઉન્ડ લગાવ્યો હતો. કોંગ્રેસના તરફી જંગી મતદાન કરવા ડોર-ટુ ડોર પ્રચાર કરી અનુરોધ કર્યો હતો. ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલે પણ આજે સેક્ટર-૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૦ ઉપરાંત ચરેડી વિસ્તારમાં પોતાના પ્રચાર અભિયાનને તેજ બનાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં શુક્રવારે નરેન્દ્રભાઈ મોદીની ૩-ડી સભા યોજાઈ રહી છે, તો કલોલમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની જાહેર સભા યોજવામાં આવી છે. આ ઉપરાંત ભાજપ દ્વારા સેક્ટર-૨૪ અને આદરજ મોટી ખાતે પણ જાહેર સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે.




# સિરક્રીક પાકને નહિ સોંપાય તેવું વડાપ્રધાન કેમ કહેતા નથી : મોદી

અમદાવાદ, તા. ૧૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સિરક્રીક પાકિસ્તાનને સોંપી દેવાના વર્તમાન કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારના છૂપા એજન્ડાને ખૂલ્લો પાડતા વડાપ્રધાનને ફરી એકવાર પડકાર કર્યો હતો કે ગુજરાતની જનતાને અંધારામાં રાખીને સિરક્રિકનો વ્યૂહાત્મક સીમાવર્તી ક્ષેત્રનો ૯૦૦૦ ચો.કી.મી.નો પ્રદેશ પાકિસ્તાનને આપી દેવાની ભારત સરકારની હિલચાલ હવે ઉઘાડી પડી ગઈ છે. ભારતની સુરક્ષાના મુદ્દે પ્રધાનમંત્રી કોઈ સમાધાન કરશે તો રાષ્ટ્રીય સલામતી માટે તો સંકટ ખડુ થશે જ, પણ ગુજરાત જેવું રાજ્ય જેની સરહદો અને દરિયાઈ સીમા ઉપર પાકિસ્તાનનો સીધો પ્રભાવ પડશે.

પ્રધાનમંત્રી ગોળ ગોળ જવાબ આપવાને બદલે સ્પષ્ટ અસંદિગ્ધ મને જાહેર કરતા કેમ નથી કરતા કે સિરક્રિક કોઈ સંજોગોમાં પાકિસ્તાનને નહીં સોંપાય. નરેન્દ્ર મોદીએ આજે કચ્છમાં મુંદ્રા અને નખત્રાણા તથા ઉત્તર ગુજરાતના સરહદી બનાસકાંઠામાં ભાભર તથા પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં ભાજપાના ઝંઝાવાતી ચૂંટણી પ્રવાસમાં ડો. મનમોહનસિંહને સિરક્રિકનો પાકિસ્તાન સાથે સોદો કરવાના ગંભીર રાષ્ટ્રીય હિતના મુદ્દે, રાહુલ ગાંધીની આજની પાલનપુર અને ભિલોડાની સભાઓના ભાષણો સામે અને સોનિયા ગાંધીના ગુજરાત વિશેના બદનામીના ઉચ્ચારણોના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા.

# ઓછુ મતદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૦૭માં યોજાયેલ ચૂંટણીમાં જિલ્લામાં ૬૦ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. આ વખતે આ મતદાનની ટકાવારી ૭૫ ટકા સુધી લઈ જવાના પ્રયાસો છે.

જો કે આંકડા વિશ્લેષકોના દાવા મુજબ ૨૦૦૨ની સામાન્ય ચૂંટણીમાં થયેલા મતદાન અને ૨૦૦૭ની સામાન્ય ચૂંટણી દરમિયાન ગાંધીનગરની બેઠક ૧૨૯ બુથ એવા હતા કે જયાં મતદાન ઓછું થયું હતું. આ અત્યંત ચોંકાવનારી હકીકત છે. જો કે જિલ્લામાં આ સામાન્ય ચૂંટણી દરમિયાન દરેક બુથ પર સરેરાશ ૫૦ ટકાથી વધુ મતદાન થયું હતું.

આ આંકડા વિશ્લેષકોના જણાવ્યાનુસાર ૨૦૦૭ની સામાન્ય ચૂંટણી બાદ ૨૦૦૯માં લોકસભાની યોજાયેલ ચૂંટણીમાં સૌથી ઓછું મતદાન માણસા વિધાનસભાના એક બુથ પર ૧૨.૧૮ ટકા નોંધાયું હતું. માણસા એ મહેસાણા સંસદીય મતવિસ્તારમાં આવતો વિસ્તાર છે. આ મત વિસ્તારના ૫૧ મતદાન મથકો એવા હતા જયાં ૪૦ ટકાથી ઓછું મતદાન થયું હતું જયારે આ ૫૧ મતદાન મથકોમાં ૧૭ મતદાન મથકોમાં ૩૦ ટકાથી પણ ઓછું મતદાન થયું હતું.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૩૦ ટકાથી ઓછું મતદાન થયું હોય તેવા મતદાન મથકોની સંખ્યા સાત છે જયારે ૪૦ ટકા સુધી મતદાન થયું હોય તેવા મતદાન મથકોની સંખ્યા ૨૮ થાય છે. ૪૦ થી ૫૦ ટકા સુધી મતદાન થયું હોય તેવા ૭૯ મતદાન મથકો છે.

જો કે આ પછી જિલ્લામાં વિધાનસભાની બે પેટા ચૂંટણીઓ પણ યોજાઈ હતી જેમાં ભારે મતદાન થયું હતું. દહેગામ વિધાનસભાની પેટા ચૂંટણીમાં પણ ૭૦ ટકા જેટલું મતદાન નોંધાયું હતું તો માણસામાં ૭૨ ટકાથી પણ વધુ મતદાન નોંધાયું હતું. આમ પેટા ચૂંટણીથી ચાલી આવતી વધુ મતદાનની પરંપરા આ વખતે ચાલુ રહેશે તેવો પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે બે લાખ મતદારોએ મતદાન માટે સંકલ્પ લેવડાવવામાં સફળતા મેળવી છે તો આજે માનવ સાંકળના કાર્યક્રમમાં પણ પાંચ હજાર જેટલી હાજરીએ તંત્રના ઉત્સાહમાં વધારો જરુર કર્યો છે પણ આ ઉત્સાહને મતદાતા કેવી રીતે લે છે તે તો સમય જ કહી શકશે.

તંત્ર એ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ચિલોડામાં પણ ગઈકાલે માનવ સાંકળ અને રેલીનું આયોજન કર્યું હતું આવા જ કાર્યક્રમો તાલુકા કક્ષાએ પણ સફળતાપૂર્વક યોજવામાં આવ્યા છે. મતદાર જાગૃતિ અંગે ૧૦૦થી પણ વધુ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જો કે મતદાતાનું અકળ વલણ રાજકીય પક્ષો માટે હોવાનું જણાવતાં તંત્રનો દાવો છે કે અમારા સંનિષ્ટ પ્રયાસોને લોકોએ હંમેશા સારો પ્રતિસાદ આપ્યો છે.

મતદાન વધુ થાય તે માટે મતદાર સ્લીપોનું વિતરણ પણ શરુ કરી દેવામાં આવ્યું છે. આ મતદાર સ્લીપના વિતરણને કારણે માણસાની પેટા ચૂંટણીમાં મતદાન વધુ થયાની વાત કરતાં તંત્રના સૂત્રો જણાવે છે કે થયેલ મતદાનના ૬૦ ટકા લોકોએ આ મતદાર સ્લીપના આધારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો એ પણ હકીકત છે.

આ વખતે પંચે મતદાન વધુ થાય તે માટે પંચે સર્વિસ વોટર્સની કેટેગરીમાં પણ સુધારો કર્યો છે અને જિલ્લામાં તેનો સારો પ્રતિસાદ સાંપડયો છે.

જો કે આંકડા વિશ્લેષકો એવું માને છે કે બેલેટ પેપરથી થયેલા ભારે મતદાનની અસર જિલ્લાની ૩ બેઠકોના પરિણામ પર પડશે એ વાત સ્પષ્ટ છે.

જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારોની સરસાઈ પાતળી રહી છે. જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે જોરદાર વિજયી હેટ્રીક નોંધાવી તો ગાંધીનગર કોર્પોરેશનનો જંગ પણ જીત્યો હતો. હવે નવા સીમાંકન ની આ પહેલી ચૂંટણીમાં વધુ મતદાન એ નવા રાજકીય સમીકરણો રચશે તેમ સૌ માની રહ્યા છે.

ભાજપના આગેવાનો કહે છે કે જિલ્લા પંચાયતમાં અમે કોંગ્રેસ કરતાં મત ઓછા મેળવ્યા હતા પણ કોર્પોરેશનના જંગમાં અમે કોંગ્રેસ કરતાં ૧૫૦૦ મત વધુ મેળવ્યા હતા. ૨૦૦૭ની સામાન્ય ચૂંટણીમાં પણ અમે ગાંધીનગરની બેઠક ૩ હજાર મતે વિજયી બની મેળવી હતી એ વાત ભૂલવી જોઈએ નહિ.

